Item No: 43.27

સંકલન શાખા

તા.૧૫/૧૧/૨૦૧૬

**નોંધઃ**

નિયામક મંડળની ૪૩ મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં.૪૩.૨૭ માં ઠરાવ્યા મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટીના બિન-શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગાર પંચનો અમલ કરવા માટે રાજય સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ અત્રેથી આદેશ બહાર પાડવામાં આવશે જે સહજ જાણ સારૂ.

સીનીયર કલાર્ક | મદદનીશ કુલસચિવ(વહી) | કુલસચિવ

નકલ રવાનાઃ

મદદનીશ કુલસચિવશ્રી(એકેડેમીક),આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.

નં. ૨૦૬/તા.૧૮/૧૧/૧૬

E:\Coordination -2016\noth.doc

Item No: 43.27

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ(ગુજરાત)

ડૉ.એમ.એન.બ્રહ્મભટ્ટ,
ઈ/ચા.કુલસચિવ

ફોન/ફેકસ(ઓ)-૦૨૬૯૨- ૨૬૧૩૧૦
Visit us : www.aau.in E-mail : registrar@aau.in

નં.આકૃયુ/રજિ/સંકલન/ ૧૬૪૨-૪૫/૨૦૧૬ તા.૨૨/૦૮/૨૦૧૬

પ્રતિ,

ઉપસચિવશ્રી,

કૃષિ અને સહકાર વિભાગ(કૃષિ યુનિ)

સચિવાલય, ગાંધીનગર

વિષયઃ કેન્દ્રીય સાતમાં પગાર પંચની ભલામણો અન્વયે રાજય સરકાર તેમજ પંચાયતના કર્મચારીઓની પગાર સુધારણા કરવા બાબત...

સંદર્ભઃ નાણાં વિભાગના ઠરાવક્રમાંકઃપગર/૧૦૨૦૧૬/૧/પગારએકમ,તા.૧૬/૮/૧૬

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, કેન્દ્રીય સાતમાં પગાર પંચની ભલામણો અન્વયે રાજય સરકાર તેમજ પંચાયતના કર્મચારીઓની પગાર સુધારણા કરવા અંગેનો ઠરાવ વેબસાઇટ ઉપરથી ઉપલબ્ધ કરેલ છે.

આ ઠરાવના અનુસંધાનમાં જણાવવાનું કે, અગાઉ ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમ-૨૦૦૯ હેઠળ છઠ્ઠા પગાર પંચના ઠરાવ ક્રમાંકઃગકવ-૧૪૨૦૦૯-૮૪૦-ક.ર તા.૩/૧૦/૦૯ થી રાજયની કૃષિ યુનિવર્સિટીઓના બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓના સુધારેલ પગાર ધોરણો તા.૧/૧/૨૦૦૬ ની અસરથી આપવા અંગેનો ઠરાવ કરવામાં આવેલ છે.

નાણાં વિભાગના સંદર્ભિત ઠરાવથી કેન્દ્રના ધોરણે રાજય સરકારના તેમજ પંચાયતના કર્મચારીઓને પગાર સુધારણાનો લાભ "સ્કેલ-ટુ-સ્કેલ" ના ધોરણે તા.૧/૧/૨૦૧૬ થી આપવાનો રહે છે પગાર સુધારણાનો વાસ્તવિક અમલ તા.૧/૮/૨૦૧૬ થી કરવાનો રહે છે ઠરાવના મુદ્દા નંબર-૧૨ માં જણાવ્યા અનુસાર રાજયની સહાયક અનુદાન મેળવતી સંસ્થાના કર્મચારીઓને સાતમા પગાર પંચની ભલામણ મુજબ સાતમા પગાર પંચનો લાભ મળવાપાત્ર થાય છે. જે સંસ્થાઓને નાણાં વિભાગની મંજુરીથી છઠ્ઠા પગાર પંચનો લાભ આપવામાં આવેલ છે તેમના સંબંધિત વહીવટી વિભાગ દ્વારા નાણાં વિભાગને મંજુરી માટે દરખાસ્ત રજુ કરવાની રહે છે.

રાજયની કૃષિ યુનિવર્સિટીઓ કૃષિ અને સહકાર વિભાગના સીધા નિયંત્રણ હેઠળ હોઇ, વિભાગ મારફતે નાણાં વિભાગની મંજુરી મેળવી સાતમાં પગાર પંચનો અમલ રાજયની કૃષિ યુનિવર્સિટીમાં કરવા માટેના જરૂરી ઠરાવ સત્વરે જારી કરવા વિનંતી છે જેથી તે અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરી શકાય.

**સામેલઃ સંદર્ભિત ઠરાવ**

કુલસચિવ

<u>નકલ સવિનય રવાનાઃ</u>

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ.,આણંદ તરફ જાણ સારૂ.

(૨) સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, પોડીયમ લેવલ, સેકટર-૧૦-એ, ગાંધીનગર તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

(૩) કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ/નવસારી/સ.કૃ.નગર તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

(૪) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ.

E:\Coordination -2016\7th pay commission information\Letter-2015.docx